INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા.૨૫–૦૮–૨૦૨૫**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી નિકોલ સભા આગમન પુર્વે કોંગ્રેસ પક્ષના નેતાઓ-આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓની નરોડા - નિકોલ વિસ્તાર સહિત વિવિધ વિસ્તારમાંથી પોલીસ- ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ખોટી રીતે અટકાયત કરી રહી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપા સરકાર અને પોલીસ બળાત્કારીઓ, ગુંડાઓ, હત્યારાઓ સામે કોઈ કાર્યવાહી કરી રહી નથી. જ્યાં એમની ફરજ નિભાવતા નથી પરંતુ પ્રધાનમંત્રીશ્રી ગુજરાતમાં આવે છે ત્યારે, જનતાનો અવાજ દબાવવા, ડરનો માહોલ ઉભા કરવા માટે કોંગ્રેસ પક્ષના અમદાવાદ શહેર અધ્યક્ષશ્રી સોનલબેન પટેલ, ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ, શ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયા, શ્રી નાગજીભાઈ દેસાઈ, અનુસૂચિત જાતિ વિભાગના પ્રદેશ અધ્યક્ષશ્રી હિતેન્દ્ર પીઠડીયા સહિત, એન.એસ.યુ.આઈ., યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસના મોટી સંખ્યામાં કાર્યકર્તા-આગેવાનોને ઉઠાવીને પોલીસ સ્ટેશન બેસાડવામાં આવ્યા છે. ભાજપના ભ્રષ્ટ શાસકો અમદાવાદની જનતાનો આક્રોશ અને વિરોધને દબાવવા માટે પોલીસનો દુરૂપયોગ કરી રહી છે પરંતુ કોંગ્રેસના કાર્યકર્તાઓ "ના ડરા હૈ, ના ડરેગા" જનતાની અવાજ બનીને લડતા રહેશે.

અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી સોનલબેન, અમદાવાદ ઉપપ્રમુખશ્રી અમિતભાઈ નાયક(વાડજ)સહિતના નવરંગપુરા પોલીસ સ્ટેશન સવારથી જ લઈ જવાયા હતા. એસ.સી સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, સચિવ શ્રી દિક્ષિતભાઈ, પ્રદેશ પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ ,પાર્થિવરાજ કઠવડિયા,નાગજીભાઈ દેસાઈ નજરકેદ કરાયા. નિકોલ વોર્ડના અનીશ પટેલને ક્રાઈમબ્રાન્ચે અટકાયત કર્યા હતા. બાપુનગર પોલીસે બાપુનગર વોર્ડ પ્રમુખ મુકેશભાઈ પંચાલ, મહામંત્રીશ્રી અનિલભાઈ થલોટિયા, અસારવાના કોંગ્રેસ અગ્રણી ધીરેન્દ્ર પાંડે, માણેક ઠાકોર, દિનેશ શેખાવત, મનોજ પટ્ટણી, ચંદ્રસિંહ સત્તાવતની અટકાયત કરી બાપુનગર પોલીસ સ્ટેશન લઈ ગયા નરેન્દ્ર મોદી જ્યારે જયારે ડરે છે ત્યારે ત્યારે પોલીસ ને આગળ કરે છે. ગુજરાત - અમદાવાદમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી આવે તો કોંગ્રેસ પક્ષના કાર્યકરો-આગેવાનોએ રસ્તા પર આવવાનું નહિ, ફરકવાનું નહિ, આ ક્યા પ્રકારની લોકશાહી ?

વિકાસની માત્ર વાતો કરતી ભાજપના શાસનમાં રોડ - રસ્તા, ગટર, પાણી સહિતની પ્રાથમિક સુવિધાઓ આપવામાં નિષ્ફળ નિવડી છે ત્યારે ભાજપના ભ્રષ્ટ શાસન સામે સવાલોનો જવાબ આપવાને બદલે પોલીસ ને કેમ આગળ કરી રહી છે? ભાજપ સરકાર પ્રજાના અવાજથી શું કામ ડરી રહી છે

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા